નાનકડા હાથો, મોટું સંકલ્પ



# પ્લાસ્ટિકથી પુસ્તક સુધી : મંજુસરના વિદ્યાર્થીઓની હરિયાળી ક્રાંતિ

## વડોદરાના વિદ્યાર્થીઓ બનાવી રહ્યા છે સ્વચ્છ અને હરિયાળું ભવિષ્ય

વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં આવેલી મંજુસર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ આજે એક અનોખી પર્યાવરણ ક્રાંતિના અગ્રણીઓ બન્યા છે. સામાન્ય રીતે બાળકોને પર્યાવરણ વિશે પાઠ્યપુસ્તકોમાં શીખવવામાં આવે છે, પરંતુ અહીંના વિદ્યાર્થીઓએ માત્ર શીખ્યા નથી–પરંતુ તે પાઠને જીવનમાં ઉતાર્યા છે.આ નાનકડા વિદ્યાર્થીઓ પોતાના ઘર, પડોશ અને ગામમાંથી પ્લાસ્ટિક કચરો એકત્રિત કરીને શાળામાં લાવે છે, જેથી તે કચરો લેન્ડફિલમાં જવા અથવા તળાવો અને નદીઓને પ્રદૂષિત કરવા બદલે યોગ્ય રીતે રિસાયક્લિંગ માટે મોકલાઈ શકે. તેમની આ પહેલ એક શાંત પરંતુ શક્તિશાળી પર્યાવરણ આંદોલનનું રૂપ ધારણ કરી રહી છે.



## પ્લાસ્ટિકના બદલામાં પુસ્તક – અનોખો પ્રોત્સાહન મોડેલ

આ પહેલને વધુ પ્રેરણાદાયી બનાવે છે તેનો અનોખો પ્રોત્સાહન મોડેલ. વિદ્યાર્થીઓ જે પ્લાસ્ટિક કચરો એકત્રિત કરે છે તેના બદલામાં તેમને ખાસ ડિઝાઇન કરેલી મફત નોટબુક આપવામાં આવે છે.આ નોટબુક માત્ર ઇનામ નથી, પરંતુ એક સંદેશ છે– પર્યાવરણનું સંરક્ષણ અને શિક્ષણ એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે.નોટબુકના પાછળના ભાગે "સાપ-સીડી" જેવી રમત છાપવામાં આવી છે, જેમાં પર્યાવરણ બચાવવાના સંદેશો સર્જનાત્મક રીતે સમાવાયા છે. જ્યારે આગળના કવર પર શિક્ષણ અને પ્રકૃતિને જોડતી આકર્ષક કલાત્મક રચના દર્શાવવામાં આવી છે.

## એક વિચારથી શરૂ થયેલી મોટી પહેલ

આ પહેલનો આરંભ ખંભાત તાલુકાના લુણેજ ગામથી થયો હતો. પર્યાવરણ માટે કાર્યરત સંસ્થા Kachre Se Azadi Foundation (KSAF) એ "પ્લાસ્ટિક-મુક્ત ભવિષ્ય: એક સંકલિત શિક્ષણ અને પર્યાવરણીય પહેલ" નામનો પ્રોજેક્ટ શરૂ કર્યો.પાયલોટ પ્રોજેક્ટ સફળ બન્યા બાદ Seal for Life Pvt. Ltd. એ તેના CSR કાર્યક્રમ હેઠળ આ અભિયાનને સહયોગ આપ્યો. આ સહયોગને કારણે પહેલનો વ્યાપ વધ્યો અને તે અનેક શાળાઓ સુધી પહોંચી.



**2000 વિદ્યાર્થી જોડાયા**



**હજારો વિદ્યાર્થીઓ, એક જ સંકલ્પ** I આ અભિયાનમાં કુલ ૮ શાળાઓના લગભગ ૨૦૦૦ વિદ્યાર્થીઓ જોડાયા છે. જેમાં મંજુસર, દુમાડ, આસોજ, કુનપડ અને સિસોદિયાપુરા જેવી શાળાઓનો સમાવેશ થાય છે.વિદ્યાર્થીઓએ મળીને ૫૦૦ કિલોગ્રામથી વધુ પ્લાસ્ટિક કચરો એકત્રિત કર્યો છે. આ પ્રયાસ માત્ર કચરો એકત્રિત કરવાનો નથી, પરંતુ સ્થાનિક પર્યાવરણ અને જળાશયોને પ્રદૂષિત થવાથી બચાવવાનો મહત્વપૂર્ણ પ્રયાસ છે. મંજુસરના આ વિદ્યાર્થીઓ માત્ર પ્લાસ્ટિક કચરો એકત્રિત કરી રહ્યા નથી તેઓ જવાબદારી, જાગૃતિ અને હરિયાળા ભવિષ્યનું નિર્માણ કરી રહ્યા છે.

# કુદરતથી કમાણી: કેસૂડાના ફૂલથી આત્મનિર્ભર બનેલા નયનાબેન

## ગરમીમાં ઠંડક આપતો કુદરતી ઉપાય અને ગ્રામિણ મહિલાઓ માટે રોજગારનું સશક્ત સાધન

વસંતઋતુના અંતે જ્યારે જંગલોમાં તેજસ્વી નારંગી રંગના કેસૂડાના ફૂલો ખીલે છે, ત્યારે કુદરત જાણે આગના શોલા જેવી છટા ફેલાવી દેતી હોય છે. 'ફ્લેમ ઓફ ધ ફોરેસ્ટ' તરીકે ઓળખાતા આ કેસૂડાના ફૂલો માત્ર સૌંદર્ય માટે જ નહીં, પરંતુ આરોગ્ય માટે પણ અતિ ઉપયોગી માનવામાં આવે છે.વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના નર્મદપુરા ગામની નયનાબેન વાળંદે આ કુદરતી ભેટને આવકના સશક્ત સાધનમાં ફેરવી દીધી છે. તેઓ કેસૂડાના ફૂલથી ઓર્ગેનિક સાબુ બનાવી માત્ર પોતે જ નહીં પરંતુ ગામની અન્ય મહિલાઓને પણ આત્મનિર્ભર બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.





### સખી મંડળથી શરૂ થયેલી આત્મનિર્ભરતાની સફર

નયનાબેન છેલ્લા લગભગ ૧૮ વર્ષથી સખી મંડળ સાથે સંકળાયેલા છે. શરૂઆતમાં તેઓ સામાન્ય ગૃહિણિ તરીકે પરિવારની જવાબદારીઓ સંભાળતા હતા, પરંતુ સખી મંડળ સાથે જોડાયા બાદ તેમના જીવનમાં નવી દિશા મળી. મંડળમાંથી લોન મેળવી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી હેઠળના એન.આર.એલ.એમ (NRLM) કાર્યક્રમ તેમજ સ્થાનિક કંપની અપોલો દ્વારા મળેલી તાલીમ અને સાધનસામગ્રીના સહયોગથી તેમણે પ્રાકૃતિક સાબુ બનાવવાનો વ્યવસાય શરૂ કર્યો.આ નાનકડા યુનિટ દ્વારા આજે તેઓ દર મહિને અંદાજે ચાર હજાર રૂપિયા સુધીની આવક મેળવે છે. જ્યારે સ્વદેશી મેળાઓ અને સ્થાનિક બજારમાં વેચાણ દ્વારા વર્ષે લગભગ ૪૫ થી ૫૦ હજાર રૂપિયા સુધીની આવક મેળવવામાં સફળ થયા છે.

### કેસૂડાથી લઈને એલોવેરા સુધી – કુદરતી સાબુનો અનોખો વ્યવસાય

નયનાબેન માત્ર કેસૂડાના ફૂલોથી જ નહીં પરંતુ વિવિધ કુદરતી ઘટકોમાંથી ઓર્ગેનિક સાબુ બનાવે છે. તેઓ કેસૂડો, ગુલાબ, એલોવેરા, ચારકોલ (કોલસા), લીંબુ, ચોખા અને મુલતાની માટી જેવા કુદરતી તત્વોનો ઉપયોગ કરીને ત્વચા માટે ફાયદાકારક સાબુ તૈયાર કરે છે.ખાસ કરીને ઉનાળાની ઋતુમાં કેસૂડાના ફૂલોથી બનેલા સાબુની માંગ વધારે રહે છે, કારણ કે તે શરીરને ઠંડક આપે છે અને ચામડીને તાજગી આપે છે.

### જ્યોત સખી મંડળ મહિલાઓ માટે રોજગારનું મંચ

નર્મદપુરા ગામનું જ્યોત સખી મંડળ માત્ર બચત સમૂહ નથી પરંતુ ગ્રામિણ મહિલાઓ માટે આત્મનિર્ભરતા તરફનું એક મહત્વપૂર્ણ પગલું બની ગયું છે.મંડળની બહેનો દર મહિને ૨૦૦ રૂપિયાની બચત કરે છે અને જરૂર પડે ત્યારે મંડળમાંથી લોન લઈ પોતાનો નાનો વ્યવસાય શરૂ કરે છે.આ મંડળ દ્વારા પાપડી, બટાકાની ચકરી, ચોખાની સેવ, ગાંઠિયા, અથાણાં, ચાનો મસાલો અને આમળાનું શરબત જેવી ખાદ્ય વસ્તુઓ પણ તૈયાર કરી ઓર્ડર મુજબ વેચવામાં આવે છે.



### કુદરત, કુશળતા અને આત્મનિર્ભરતા

નયનાબેનની સફર બતાવે છે કે જો ઇચ્છાશક્તિ અને યોગ્ય માર્ગદર્શન મળે તો ગામડાની મહિલાઓ પણ સફળ ઉદ્યોગસાહસિક બની શકે છે.કુદરતી સંસાધનોનો સદુપયોગ કરીને તેમણે માત્ર પોતાની આવક વધારી નથી, પરંતુ અન્ય મહિલાઓ માટે પણ આત્મનિર્ભર બનવાની પ્રેરણા ઊભી કરી છે.કેસૂડાના ફૂલોથી શરૂ થયેલી તેમની આ સફર આજે ગામડાની મહિલાઓ માટે આશા અને આત્મવિશ્વાસનું પ્રતિક બની ગઈ છે.કુદરતની ભેટને વ્યવસાયમાં પરિવર્તિત કરવાની આ પ્રેરણાદાયી કહાની ખરેખર ગ્રામિણ વિકાસ અને મહિલા સશક્તિકરણનું સુંદર ઉદાહરણ છે. આયુર્વેદમાં કેસૂડો અથવા પલાશના ફૂલને ઔષધીય ગુણોથી ભરપૂર માનવામાં આવે છે.

## વર્દીથી વેલફેર સુધી

# 31.85 લાખનું પેકેજ ઠુકરાવી 'સેવા પરમો ધર્મ'નો માર્ગ પસંદ કર્યો




## લેફ્ટનન્ટ કર્નલ કમલપ્રીત સગ્ગીની પ્રેરણાદાયી સફર

આજના સમયમાં મોટા ભાગના લોકો માટે સફળતા એટલે ઊંચું પેકેજ, આરામદાયક જીવન અને વૈશ્વિક કંપનીમાં ઉચ્ચ હોદ્દો. પરંતુ કેટલાક લોકો એવા પણ હોય છે, જેમના માટે જીવનનો સાચો અર્થ માત્ર વ્યક્તિગત સફળતા નહીં પરંતુ સમાજ અને દેશ માટે કંઈક કરી છૂટવામાં રહેલો હોય છે. આવી જ એક પ્રેરણાદાયી વ્યક્તિ છે વડોદરાના જિલ્લા સૈનિક કલ્યાણ અધિકારી લેફ્ટનન્ટ કર્નલ કમલપ્રીત સગ્ગી (નિવૃત્ત). તાજેતરમાં તેમની સેવાનો ગૌરવ વધારતો એક મહત્વપૂર્ણ ક્ષણ આવ્યો, જ્યારે ૧ માર્ચ ૨૦૨૬ના રોજ ભારતીય સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી દ્વારા તેમને 'વેટરન્સ એચિવર્સ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો. આ સન્માન મેળવનાર તેઓ ભારતીય સશસ્ત્ર દળના પ્રથમ મહિલા વેટરન ઓફિસર બન્યા છે. ગુજરાત માટે તો આ ગૌરવની વાત છે જ, પરંતુ સમગ્ર દેશ માટે પણ ગર્વ અનુભવાવતી સિદ્ધિ છે.

### પ્રેરણારૂપ જીવનસફર

ભારતીય સેનામાં શિસ્ત, સાહસ અને નેતૃત્વની મિશાલ કાયમ કર્યા બાદ હવે વડોદરામાં પૂર્વ સૈનિકો અને તેમના પરિવારજનોના કલ્યાણ માટે કાર્યરત લેફ્ટનન્ટ કર્નલ કમલપ્રીત સગ્ગીની સફર ખરેખર પ્રેરણાદાયી છે.તેમની કહાની આપણને યાદ અપાવે છે કે સાચી સફળતા માત્ર વ્યક્તિગત સિદ્ધિમાં નહીં પરંતુ સમાજ માટે કરેલા યોગદાનમાં રહેલી છે.અને કદાચ એ જ કારણ છે કે તેમની જીવનગાથા માત્ર મહિલાઓ માટે જ નહીં, પરંતુ સમગ્ર સમાજ માટે એક પ્રેરણાસ્ત્રોત બની ગઈ છે.

### યુવાનો માટે પ્રેરણાદાયી સંદેશ

એક અધિકારી, એક માતા અને એક પત્ની તરીકેની જવાબદારીઓ વચ્ચે પણ લેફ્ટનન્ટ કર્નલ સગ્ગીએ હંમેશા દેશને પ્રથમ સ્થાન આપ્યું છે. તેઓ યુવા પેઢીને એક મહત્વપૂર્ણ સંદેશ આપે છે: ***"તમારી જાતને લિંગના ચશ્માંથી જોવાનું બંધ કરો. તમે એક યોદ્ધા છો. જો મનમાં મક્કમતા હોય તો ગગન પણ ટૂંકું પડે છે."***